બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૬)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➾ શ્રીજીમહારાજ - મુક્તાનંદ સ્વામીને (૨૩/૭૩) ➾ ધરમપુરમાં પરચૈતન્યાનંદ સ્વામીએ રાણીને સત્સંગનો રંગ લગાડ્યો. રાણી ઘણીવાર સ્વામીને હાથી પર બેસાડી નગરમાં ફેરવતાં. આ વાત જાણતાં સ્વામીને પાછા બોલાવવા મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલતી વખતે મહારાજ કહે છે.

૨. ➾ રામપ્રતાપભાઈ - દામોદરભાઈને (૧૩/૩૭) ➾ પત્ની ધામમાં જતાં દામોદરભાઈ ફરી પરણ્યાં તે વાતની જાણ રામપ્રતાપભાઈને થઈ. ત્યારપછી જ્યારે દામોદરભાઈ રામપ્રતાપભાઈ પાસે આવે છે ત્યારે કહે છે.

૩. ➾ બે કાઠી સવાર - નાજા જોગિયાને (૮/૧૬) ➾ નાજા જોગિયા એક વખત ગાડી હાંકતા હતા અને મહારાજ અંદર સૂતા હતા. તે વખતે જીવા ખાચરના બે કાઠી સવારોએ નાજા જોગિયાને પૂછ્યું.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. **હિમરાજ શાહ સત્સંગી થયા. (૧૬/૪૪-૪૫) જ.** આખા શરીરમાં કોઈપણ જગ્યાએ ગોપાળાનંદ સ્વામીની નાડી હાથમાં ન આવતાં તેમને થયું વલ્લભ સ્વામી જેવા તો આ સ્વામી છે તો તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન જ હોવા જોઈએ.

૨. **મોટાં રામબાઈએ બલોયાં ભાંગી નાંખ્યા. (૯/૧૯) જ.** કડવીબાઈના ભજનના વેગથી અને કામકાજ કરતાં પણ કીર્તન બોલ્યા કરતાં હોવાથી તેમના ધણીએ ગુસ્સામાં કહ્યું 'આજથી તું મારે મા-બેન છે.' તેથી કડવીબાઈએ બલોયાં ભાંગી નાંખ્યાં.

૩. **શ્રીજીમહારાજે વરતાલ, ગઢપુર, જૂનાગઢ, અમદાવાદ, ભુજ અને ધોલેરામાં મંદિરો બાંધ્યા. (૧૦/૨૦) જ.** શ્રીજીમહારાજે પરમેશ્વરની ઉપાસના રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરી મંદિરો કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાં જીવનાં કલ્યાણ થશે. **અથવા** પૃથ્વી પર પ્રગટ થવાના શ્રીજીમહારાજના છ હેતુમાનો એક હેતુ એ પણ હતો કે પોતાના સર્વોપરી સ્વરૂપની પોતાની ભક્તે સહિત ઉપાસના તથા જ્ઞાનમાર્ગનું રૂડી રીતે સ્થાપન કરવું. આ હેતુની સિદ્ધિ માટે તથા કાળાન્તર સુધી સંપ્રદાયની પુષ્ટિ માટે મંદિરો કરાવ્યા.

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં) કુલ ગુણ : ૫)**

**૧. બોચાસણ અને સારંગપુર મંદિરનો ઈતિહાસ (૧૦/૨૬,૨૭) :-બોચાસણ :** શ્રીજીમહારાજે સંવત ૧૮૬૫માં કાશીદાસને કોલ આપ્યો હતો કે 'અહીં મોટું મંદિર થશે ને અમે અમારા ધામ સહિત બિરાજીશું. તે જગ્યાએ શાસ્ત્રીજી મહારાજે સો વર્ષ પછી ભવ્ય મંદિર કર્યું. જોબનપગીની યાદ અપાવે એવા હીરામુખીનું સ્વામીશ્રીએ ચમત્કારીક રીતે હૃદય પરિવર્તન કરી માળા ફેરવતા કર્યાં. હીરાભાઈ પણ મંદિરના કાર્યમાં ભળ્યા. તેથી વિરોધીઓનાં વિઘ્નો નાખવાના સંકલ્પો શમી ગયા. સંવત ૧૯૬૩ના વૈશાખ સુદ ૧૦ ના દિવસે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

**સારંગપુર :** અહીં શ્રીજીમહારાજે રોઝો ઘોડો ફેરવી કહ્યું 'અમે અહીં મોટા મંદિરનું ખાત કરીએ છીએ.' અહીંના જીવા ખાચરને મહારાજે ભક્તે સહિત બિરાજવાનો કોલ આપ્યો હતો. તે જ જગ્યાએ ચોવીસ એકરની જમીન સ્વામીશ્રીએ લીંબડીના દિવાન પાસેથી લીધી. ભીમા શેઠ, નાગજી શેઠ, રૂખડ ખાચર વગેરેના સહકારથી મંદિર થયું ત્યારે કેટલાક દ્વેષીઓએ લીંબડી ઠાકોર સાહેબને ચડાવ્યા ને મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવવાનું કહ્યું ત્યારે સ્વામીશ્રીએ ઠાકોર સાહેબને કહી દીધું 'ઠાકોર સાહેબ! અક્ષરપુરુષોત્તમ સારું મુંડાવ્યું છે ને તેમના સારું દુઃખો સહન કર્યાં છે.' સંવત ૧૯૭૨ના વૈશાખ સુદ ૬ના દિવસે મધ્ય મંદિરમાં મહારાજ, સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

**૨. ભાલચંદ્ર શેઠ : (૪/૯) :-** મહારાજ જ્યારે સૂરત પધાર્યા ત્યારે તેમનો પ્રૌઢ પ્રતાપ જોઈ વિરોધીઓને ઉપદ્રવ કરવાની ઈચ્છા થઈ પણ ભાઈચંદભાઈના સમાગમથી સત્સંગી થયેલા શ્રી અરદેશર કોટવાલ મહારાજના સમૈયામાં પધાર્યા હતા. તેથી વિરોધીઓની ઈચ્છા અધૂરી રહી ગઈ. અરદેશરજીએ એકવાર ભાઈચંદભાઈને પૂછ્યું આપણે સંભારીએ અને તત્કાળ મદદ કરે એવો કોઈ ભગવાન અત્યારે પૃથ્વી ઉપર પ્રગટ છે ? ત્યારે ભાઈચંદભાઈએ તેમને મહારાજની વાત કરી. બીજાના રાગદ્વેષના ભોગ બનેલા અરદેશરજીએ મહારાજને પ્રાર્થના કરી. મહારાજે સ્વપ્નમાં દર્શન દઈને આશીર્વાદ આપ્યા અને તેમને સુબાગીરી પાછી મળી. એકવાર ભાઈચંદભાઈએ મહારાજને પ્રશ્ન પૂછ્યો કે જન્મ-મરણના ફેરા ટાળી અખંડ આપની સેવાના અધિકારી બનાવે એવી ભક્તિનું શું સ્વરૂપ છે ? આ ભક્તિને દૃઢપણે આશરેલા હોય તેવા ભક્તનું શું લક્ષણ છે ? ભક્તને ભગવાનમાં કેવી પ્રીતિ હોય ? તથા ભગવાનને પોતાના આશ્રિત ભક્તમાં કેવી પ્રીતિ હોય ? મહારાજે પણ ભાઈચંદભાઈને નિમિત્ત બનાવીને આ ચારે પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપ્યા. જ્યાં જ્યાં સમૈયા ઉત્સવ થતા ત્યાં ભાઈચંદભાઈ હરિભક્તો સાથે પહોંચી જતા ને સેવા કરી મહારાજને રાજી કરતા.

**૩. ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત (૨૨/૬૮) :-** ગુંદાળી ગામને પાદર સ્વામિનારાયણના સાધુ ભિક્ષા માંગવા આવ્યા હતા. સાધુઓની ઝોળીઓ બપોરનો સમય થયો છતાં ખાલી હતી. ગામના કાઠી મેરામણ અને મામૈયાની મા રાણદેબાઈને પિયરનો સત્સંગ. સાધુને જોતાં જ કોઈના મારફત ઘેર બોલાવી ઉતારો આપી સીધુ સામાન આપ્યાં. સંતો રસોઈ કરતાં હતાં ને આઈ સાધુનાં દર્શન કરતા હતાં. એવામાં દરબારનો દ્વેષી કુંવર તેના સાગરીતો સાથે આવી સાધુઓને કડિયાળી ડાંગ ઠબકારી, એક જણે ચોટલી પકડીને ફેંક્યા, ખીચડીનું તપેલું ઊંધું પાડ્યું. રાણદેબાઈનું કલ્પાંત કોણ સાંભળે ? ખેતરેથી આવેલ બન્ને ભાઈઓ ઘરની પરિસ્થિતિ જોઈ માને પૂછતાં 'મામાના સાધુને માર્યા' જવાબ સાંભળી જેણે મામાના સાધુને માર્યા તેમના માથા ઊડાડીને પછી જ દાણો મોંમા મૂકવાની પ્રતિજ્ઞા કરી. પોતાની માને ગઢડા સામાન સાથે રવાના કરી. પોતે દરબારની ડેલીએ આવી પડકાર કર્યો 'મામાના સાધુને કોણે માર્યા ?' કુંવરે એકદમ છાતી કાઢીને જવાબ આપ્યો 'મેં માર્યા.' એ સાથે જ કાઠીના હાથમાંની ઊઘાડી બરછીએ કુંવરના પ્રાણ લઈ લીધા. બીજા કાઠીએ બીજા જુવાનનું ડોકું ઊડાવી દીધું. કાઠી જુવાનો ત્યાંથી નાસી ગયા. દરબારના ઊભા મોલનો આ કાઠી જુવાનોએ નાશ કર્યો. થોડીવારે ગામમાંથી વાર આવતી દેખાતા બંને શૂરવીરોએ વારની સામા થઈ કેટલાયના માથા કાપી બંને ભાઈઓ મરાયા. આમ મામાના સાધુના અપમાનનો બદલો લીધો. ગઢડામાં મહારાજને જાણ થતાં બોલ્યાં 'જે સાધુનો આવી રીતે પક્ષ રાખીને મરાયા તેને ધન્ય છે. લડાઈમાં મરીને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તો આ બે ભાઈઓ તો મારા માટે મરાણાં, માટે તેમને અક્ષરધામની પ્રાપ્તિ થઈ ગઈ. તેમનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કરીશું.' આમ, કેવળ મામાના સાધુ જાણી પક્ષ રાખવાથી આ ભાઈઓ મરાયા તેથી શ્રીજીમહારાજે તેમને અક્ષરધામ બક્ષિસ આપ્યું. પક્ષ રાખવાનો આવો પ્રતાપ.

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.(કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જ્ઞાન એટલે જાણવું. **અથવા** જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. (૨૭/૮૫)
૨. 'રૂડા લાગો છો રાજેન્દ્ર....' કીર્તનના રચયિતા પ્રેમાનંદ સ્વામી છે. (૨૪/૭૫)
૩. નથુ પટેલ પૂર્વજન્મમાં લક્ષ્મીચંદ શેઠ હતા. (૧૨/૩૫)
૪. 'મહારાજ ! ટટ્ટુ દૂબળા હૈ, અસવાર તાજા હૈ.' (૨૬/૮૨)
૫. જે મિત્ર હોય તે હિતનું વચન દુઃખ લગાડીને કહે તો પણ ખોટું ન લગાડે તે જ સાચો મિત્રભાવ કહેવાય. (૭/૧૫)

**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**''કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ ? જે અગણોતરા કાળમાં ભીમનાથના રાંકા માગવા આવતા ને કરગરતા ને તેને ધક્કા મારે તો પણ જાય નહી, એવો ખપ રાખવો જોઈએ.'' (૨૫/૭૫)** આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે કે કલ્યાણનો ખપ કેવો રાખવો તો ભીમનાથના રાંકા જેવો. જ્યારે ઓગણોત્તેરા કાળમાં દુકાળ પડ્યો ત્યારે (કાઠિયાવાડમાં ધંધુકા પાસે) ભીમનાથ મહાદેવના બારણે એક કડછો થૂલા માટે લાંબી કતાર થતી. તેમાં જો કોઈનો હડસેલો વાગે તો નદીની રેતીમાં પડતા. પણ પાછા ઉભા થઈને ત્યાં આવતાં. કારણ કે કડછો થૂલું ત્યાં જ મળવાનું હતું. કલ્યાણનો એવો જ ખપ રાખવો જોઈએ.

આ વાત શ્રીજીમહારાજ કરતાં કે એક ગુરૂ હતા. તે વનમાં તપ કરતાં હતા. તેમની પાસે એક મુમુક્ષુ સેવા માટે આવ્યા. ત્યારે ગુરૂ કહે, 'અહીં, મારે માટે રોજના એક શેર ચોખા આવે છે, તે રાંધીને ખાઉ છું. બીજું કાંઈ નથી.' પણ મુમુક્ષુ ખપવાળો હતો તેણે કહ્યું, 'ભાતનું ઓસામણ હશે તે પીને સમાગમ કરીશ.' ત્યાર બાદ બીજો મુમુક્ષુ આવ્યો તેણે પણ ગુરુનો સમાગમ કરવા માટેની માંગણી કરી. ત્યારે ગુરૂએ પરિસ્થિતિ જણાવી ત્યારે તે ચેલાએ કહ્યું કે તે ભાતનું ઓસામણ પીવે છે તો હું ભાતની હાંડલીમાં જે વધ્યું હશે તેનું ધોવાણ પીને સમાગમ કરીશ. થોડા દિવસ પછી ત્રીજો સેવક આવ્યો ગુરૂએ તેની આગળ ઉપરની હકીકત કહી ત્યારે તેણે કહ્યું, 'આપની થાળીમાં ચળુ કર્યા પછી જે ધોવાણ રહેશે તે પીને હું સમાગમ કરીશ.' થોડા દિવસ પછી ચોથો શિષ્ય સમાગમ કરવા આવ્યો. ત્યારે તે મુમુક્ષુએ કહ્યું, 'ચોખા સાફ કરતી વખતે ઝાટકશો ને જે ટુકડા-દાણા બહાર પડશે તે વીણીને ખાઈશ ને તે દ્વારા દેહનો નિર્વાહ કરીશ.' આ શિષ્યોને ગુરૂનો સાચો મહિમા જણાયો હતો ને મોક્ષનો ખપ હતો તો ઓસામણ અને પાણી ઉપર રહીને પણ સમાગમ કરવાં તેઓ તૈયાર થયાં. જેને મોક્ષનો આવો ખપ હોય તે દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાં વધતો જાય છે. **અથવા**

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૮ 'ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું ..' નું નિરૂપણ લખો. (૧૭/૪૭)**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આપણને ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ તેને વશ રાખવાની વાત કરે છે. શ્રીમદ્ ભાગવતમાં પણ વ્યાસજીએ આ જ કહ્યું છે, 'આંખે કરીને ભગવાન તથા સંત તથા ભગવાનની મૂર્તિનાં દર્શન કરવાં, કાને કરીને ભગવદ્વાર્તા સાંભળવી, જિહ્વાએ કરીને ભગવાન અને સંતના ગુણ ગાવા. એમને ધરાવેલો પ્રસાદ જમવો. નાકે કરીને તેમને ચઢ્યાં એવાં જે પુષ્પોની સુગંધ લેવી અને ત્વચાએ કરીને ભગવાન અને સંતનો સ્પર્શ કરવો. એમ ઈન્દ્રિયોની દરેક ક્રિયા ભગવાન સંબંધી જ કરવી. તેથી અંતઃકરણ શુદ્ધ થાય છે. પરંતુ મોક્ષ માર્ગમાં જે વિઘ્ન રૂપ છે. તે અહં-મમત્ત્વ કહેતા, હું અને મારું છે. દેહને વિષે 'હું' પણાનો ભાવ અને દેહના સંબંધીને વિષે 'મારા' પણાનો ભાવ આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. હું અને મારું એ જ માયા છે. તે દૂર કરવા માટે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં ઉપાય બતાવ્યો છે કે નિયમમાં રહીને વિષય ભોગવવા પણ જો

શાસ્ત્રની મર્યાદા તોડીને વિષય ભોગવીએ તો અધોગતિરૂપ નુકસાન થાય છે. નિયમમાં યથાર્થ રહેવાય અને અહંમમત્ત્વની નિવૃત્તિ થાય તે માટે સાધુનો સંગ રાખવો. સાચા સાધુનો સમાગમ અને સેવા એ જ જીવને મોક્ષ માર્ગમાં વૃધ્ધિ પામવાનો એક માત્ર ઉપાય છે. શ્રીજીમહારાજ બીજી વાત આપણને કુસંગનો ત્યાગ કરવો તેમ કહે છે. જેમ અગ્નિનો એક જ તણખો દારૂના ઢગલાને નાશ કરી નાખે છે. તેવી જ રીતે ગમે તેટલો સત્સંગ કર્યો હોય પણ થોડો કુસંગ લાગી જાય તો સત્સંગ નિષ્ફળ જાય છે. માટે કુસંગીથી દૂર રહી જ્યારે ભગવાનના ભક્ત એવા જે પરમ એકાંતિક સંત તેનો મન, કર્મ વચને જીવ સમાગમ કરે છે. વળી, ભગવાન વિના અન્ય પદાર્થને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તેને ભગવાન ને ભગવાનના ભક્ત વિના જગતમાં બધું જ ખોટું જણાય છે.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : - કિર્તન/અષ્ટક/ શ્લોક અડધો સાચા હોય તો ૧ ગુણ આપવો.**

૧. વાદી હરાવ્યા બંધ કરાવ્યા, હિંસામય બહુ યાગ; દારૂ માટી ચોરી અવેરી, તેહ કરાવ્યા ત્યાગ
પાજ ધર્મની આજ શું બાંધી, લીધી અરિની લાજ; ધન ત્રિય ત્યાગી સાધુ કીધા, સર્વોપરી મહારાજ. (૨/૬-૭)

૨. શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ; જાસ પદરજ શીશ ધરી ધરી, હોત જન નિષ્કામ.
પ્રેમકે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ; મુક્તાનંદ નિજ ચરણઢિગ ગુન, ગાવત આઠું જામ. (૨૦/૬૬)

૩. यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः।
यत्तीर्थबुद्धिः सलीले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ।। (૨૮/૮૮)

૪. ગુજરાતી ભાષાતંર : શરણે આવેલા જનોના પર્વત જેવડા પાપના પુંજને જે ગણતા નથી, પણ તેનામાં રહેલા અણુ જેવડા સદ્‌ગુણને મહાન ગણે છે તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૧૧/૩૨)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૫)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➡ ગોપાળાનંદ સ્વામી - ભગતજીને (૨/૫) ➡ અંત સમયે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું ‘હવે તો અક્ષરધામમાં મહારાજ સામે દૃષ્ટિ હોય અથવા જૂનાગઢના જોગી સામે દૃષ્ટિ હોય.’ આ વાતનું રહસ્ય ભગતજીએ પૂછ્યું ત્યારે સ્વામી બોલ્યા.

૨. ➡ બાળમુકુંદદાસજી - ડૉ. ઉમિયાશંકરને (૨૭/૫૦) ➡ જૂનાગઢમાં ભગતજી ઢોલિયા ઉપર બેઠેલા અને સંતો તેમને દંડવત કરતા, તે જોઈને ડૉ. ઉમિયા શંકરને થયેલા પ્રશ્નનું સમાધાન કરતા.

૩. ➡ વાઘા ખાચર - દામા શેઠને કહે છે. (૧૨/૨૩) ➡ વાઘાખાચર સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. અહીં સ્વામીના હેતવાળા ભક્તોને આનંદ કિલ્લોલ કરતા વાઘાખાચરે જોયા. તેમને વિચાર થયો કે આવો આનંદ મને કેમ નથી આવતો ? આ પ્રશ્ન તેમણે મહુવાના દામા શેઠને પૂછયો. ત્યારે દામા શેઠે જણાવ્યું કે તમે પ્રાગજી ભક્તમાં વિશ્વાસ રાખો અને સ્વામીને મૂળ અક્ષર માનો. તે વખતે વાઘાખાચર દામા શેઠને કહે છે.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. **ભગતજીએ છ માસ વતું કરવાની સેવા કરી. (૬/૧૨) જ.** કરસન વાળંદે સંતોનું વતું કરવામાં માથા દીઠ એક પૈસાનો ભાવ વધાર્યો. તેથી સ્વામીએ તેને ના પાડી. પણ હજામત વધી જવાથી સાધુઓ અકળાવા લાગ્યા એટલે સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્તે છ માસ વતું કર્યું.

૨. **પવિત્રાનંદ સ્વામીએ ભગતજીને વિમુખ કરવાનું નક્કી કર્યું. (૧૩/૨૫) જ.** મોડી રાત સુધી પ્રાગજી ભક્ત અને હરિભક્તોની ગોષ્ઠિ થતી હતી. તેમાં અક્ષરની પણ વાતો થતી. તે સાંભળી પવિત્રાનંદ સ્વામી ખિજાયા, એટલે ભગતજીએ તેમની નજીક જઈને કહ્યું ‘ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, તે સમજ્યા વગર છૂટકો નથી.’ તેથી પવિત્રાનંદ સ્વામીએ કહ્યું તું મને કોણ સમજાવનાર ? હું તને વિમુખ કરીશ.

૩. **વિઠ્ઠલભાઈના દીકરાની વહુને કોલેરા મટી ગયો. (૨૯/૫૮) જ.** વિઠ્ઠલભાઈએ ભગતજીની આજ્ઞાથી શ્રીજીમહારાજના પ્રસાદીના હનુમાનજીને તેલ ચડાવ્યું. માટે વિઠ્ઠલભાઈના દીકરાની વહુને કોલેરા મટી ગયો.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

૧. **અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં (૭/૧૩) :-** મંદિરમાં અનેક પ્રકારની ક્રિયાઓ વાળંદની, દરજીની, કડિયાની, સુથાર, લુહાર, વેરણીયાની-વગેરે પ્રાગજી ભક્ત સ્વામીને રાજી કરવા કરતા. એક વખત અન્નકૂટના ઉત્સવ પછી પ્રાગજી ભક્ત મંદિરનાં બધાં વાસણો સાફ કરતા હતા. તે એંઠવાડનું પાણી બધું એક કૂંડીમાં ભેગું થયું હતું. એટલામાં સ્વામી ત્યાં પધાર્યા ને કૂંડીની પાળી પર પગ મૂક્યો. આથી કૂંડીમાં વહેતા એંઠવાડના પાણીને સ્વામીના ચરણનો સ્પર્શ થયો. આ જોઈ એકાએક સ્વામીએ પૂછયું. ‘‘પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?’’ પ્રાગજી ભક્ત સ્વામીના વચનનો મર્મ સમજી ગયા. જે એંઠવાડની કુંડીમાં સ્વામીના ચરણ બૂડેલા એ જ અડસઠ તીરથ છે. એમ સૂચવતા પોતે કુડીમાં પડ્યા ને નાહ્યા. સ્વામી તો જોઈ જ રહ્યા. પછી આજ્ઞા કરતાં કહ્યું, ‘પ્રાગજી, હવે બહાર નીકળ અને ચોખ્ખા પાણીથી નાહી લે.’ આવી હતી પ્રાગજી ભક્તની ભક્તિની પરાકાષ્ઠા !

૨. **એકાંતનું સુખ (૨૧/૩૮) :-** મહુવાથી થોડે દૂર કતપર ગામે ભગતજી મહારાજ સંતો તથા હરિભક્તો સાથે રહ્યા. સંતોને અખંડ દર્શન તથા સમાગમનું સુખ આપ્યું. રોજ હરિભક્તો નવી નવી રસોઈ કરાવે અને ભગતજી ખૂબ પ્રેમથી સંતોને જમાડે. થોડા દિવસ પછી સંતોને ભાદ્રોડ મોકલ્યા. સવારે વહેલા ઉઠાડી ભગતજી સૌને નદીએ સ્નાન કરવા મોકલતા, પછી ધ્યાનમાં બેસારતા. મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની યોગની પ્રક્રિયાઓ પણ કરાવતા એક દિવસ ઉપવાસ ને એક દિવસ જમવાનું એવું આકરૂં તપ કરાવ્યું. ઉપવાસને દિવસે સંતોને ઝોળી માગવા આજુબાજુના ગામમાં મોકલતા. તથા છાણાં વીણવા પણ મોકલતા. પારણાને દિવસે પોતે સંતોને ખૂબ પ્રેમથી જમાડતા. આમ અખંડ કથાવાર્તા કરી સૌને દેહનું ભાન ભૂલાવી દીધું. દેહ છતાં અક્ષરધામના સુખનો અનુભવ કરાવ્યો. સંતોને પણ ભગતજીની સેવા કરવાનો લાભ મળ્યો. ભગતજીનું શરીર સારું ન રહેતું, વળી જોડા પણ પહેરતા નહિ તેથી યજ્ઞપુષદાસજી નાના ઠીકરાથી પગ સાફ કરતા પગમાં ઘા પડ્યા હોય તો માખણ ચોપડતા. ભગતજી આ સંતોને મોડી રાત સુધી વાતો કરી બળ આપતા. એક દિવસ ભગતજીએ સંતો પાસે બાજરાના રોટલા અને રીંગણનું શાક, છાશ કરાવી સૌને સારી રીતે જમાડ્યા. યજ્ઞપુરુષદાસજીએ મહામહેનતે ત્રણ રોટલા ખાધા. ભગતજી તેમને કહે, 'હજુ અડધો રોટલો જમો તો તમે કહો તેમ કરું,' ભગતજીને રાજી કરવા જમ્યા. ત્યાર પછી બધા સંતોએ ભગતજીના શરીરે ચંદન ચર્ચ્યુ, દર્શનનું અલૌકિક સુખ લીધું. પછી યજ્ઞપુરુષદાસજી તથા અન્ય સંતોની ઈચ્છાથી ભગતજી સૌને ચંદન સહિત ભેટ્યા અને અપરંપાર સુખ આપ્યું.

૩. **'અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે.' (૧૧/૨૧) :-** સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત કથા કરતા. હરિભક્તો દર્શન કરવા - સ્વામી 'મેં તો નિવૃત્તિ લીધી છે વાતો સાંભળવી હોય તો પ્રાગજી પાસે જાવ.' વરતાલથી અમઈદાસ કોઠારી, બેચરભગત કોઠારી તથા પાંચ સાત પાળા પંચતીર્થી કરવા જૂનાગઢ આવ્યા. સ્વામીએ અમઈદાસને કહ્યું, 'કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે. હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું.' અમઈદાસને થડકો થયો. મંદિરની કૂંચીઓ પ્રાગજીને આપી કે શું ? ત્યારે સ્વામીએ અમઈદાસને કહ્યું થડકો પામશો નહિ. મંદિરની કૂંચીઓ આ રહી. પણ અક્ષરધામની કૂંચીઓ મેં પ્રાગજીને આપી છે. આ સમાચાર વરતાલ સુધી પહોંચી ગયા કે ''જૂનાગઢમાં પ્રાગજી જ ધણી છે ને સ્વામી તે રૂપ થઈ ગયા છે. આખો સોરઠ પ્રથમ પ્રાગજીને દંડવત્ કર્યા બાદ સ્વામીને દંડવત કરે છે.'' સત્સંગી દરબારે સ્વામીને કહ્યું તમે કોઈ બ્રાહ્મણ સાધુ વિદ્વાનને ઐશ્વર્ય ન આપ્યું અને દરજીને આપી દીધું. આવું કેમ કર્યું ? મારે ઘણું નહોતું આપવું પણ એણે મને સેવા-ભક્તિથી બાંધી લીધો. હાથ છૂટી બલા જેવું થયું. હવે પાછું ખેંચી લો. ત્યારે સ્વામીએ કહ્યું એ ના થાય. આ તો પાતાળે પાયા નાંખ્યા છે, પાછું ખેંચાય તેમ નથી. પ્રાગજીને મેં બ્રહ્મ વિદ્યા ભણાવી છે તે પાછી કેમ નીકળે ? જેણે આ પરાવિદ્યા આપી તેને પાત્ર ઘડતાં પણ આવડતું હશે ને ? ભગવાન કે સંત વર્ણ, આશ્રમ કે જાતિ જોતા નથી.

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. બ્રહ્મચર્ય વ્રત દેવતાઓને પણ દુર્લભ છે. (૨૪/૪૩)
૨. પ્રાગજી ભક્તે કુલ બારસો દેગડા પાણી આંબાને પાયું. (૮/૧૫)
૩. પ્રાગજી ભક્તનો જન્મ મહુવામાં સંવત ૧૮૮૫ ના ફાગણ સુદ પૂનમે થયો હતો. (૧/૧)

**નોંધ : અંગ્રેજી અને હિન્દીના જવાબમાં ઈ.સ.૧૮૨૯ કે સં. ૧૮૮૫ બંનેમાંથી કોઈપણ એક લખ્યું હોય તો સાચું આપવું. ગુજરાતીમાં ફક્ત સં. ૧૮૮૫ હોય તો સાચું આપવું.**

૪. ગુણાતીતાનંદ સ્વામીએ સાધુ હરિસ્વરૂપદાસજીને હાર પહેરાવ્યો. (૧૪/૨૭)
૫. તમો તો ખુદાના ફકીર છો ને આ તો સાક્ષાત્ ખુદા છે. **અથવા**
તમોને લાકડિયો મારે, જૂતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું. (૧૯/૩૬)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંખી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ :૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૧/૧, ૨૯/૫૭) **૨.** ૧, ૨, ૩, ૪ (૪/૬, ૨૯/૫૮, ૨/૩, ૨૩/૪૨) **૩.** ૧, ૨, ૩ (૨૩/૪૧, ૨૫/૪૬)

**પ્ર.૧૨ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

**૧. ખરું -** ✓ (૨૮/૫૬)
**૨. ખોટું -** ✗ (૧૬/૩૦) જ. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં ૪૦ વર્ષ, ૪ માસ અને ૪ દિવસ રહ્યા.
**૩. ખોટું -** ✗ (૧૮/૩૩) જ. શાસ્ત્રીજી મહારાજના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી શ્રીજીમહારાજને મળેલા હતા.
**૪. ખોટું -** ✗ ૧૫/૨૮) જ. પવિત્રાનંદ સ્વામીએ કહ્યું, 'પ્રાગજી વિમુખ છે પણ એના દાળ-ચોખા ક્યાં વિમુખ છે ?'
**૫. ખરું -** ✓ (૨૫/૪૫)
**૬. ખોટું -** ✗ (૧૭/૩૧,૩૩) જ. ભગતજી મહારાજના પ્રસંગથી બેચરભાઈ દીક્ષા લઈને મહાપુરુષદાસ બન્યા અને ગિરધરભાઈ વિજ્ઞાનદાસજી બન્યા.

❑ ❑ ❑